Extra No. 104

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **THURSDAY, APRIL 9, 2026 / CHAITRA 19, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નડીસી/પીઓએલ-૨/ન.પા.-ટીપીડીપી/જાહેરનામું/વશી/૨૦૨૬/(૧૪)- રાજય ચૂંટણી આયોગ ધ્વારા મહાનગરપાલિકા/નગરપાલિકા(સામાન્ય/પેટા) તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ની ચૂંટણી કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ સાબરકાંઠા જિલ્લામાં નગરપાલિકાની સામાન્ય/પેટા ચૂંટણી તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર છે, તેમજ જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૭/૦૪/૨૦૨૬ તથા મંતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ હાથ ધરાનાર છે.

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૨૭ની જોગવાઈ તથા રાજકીય પ્રચારનો સમયગાળો પૂરો થયા પછી મતદાર વિભાગમાં રાજકીય પદાધિકારીઓની હાજરી ઉપર પ્રતિબંધ અંગેની સૂચનાઓ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ. સાબરકાંઠા જિલ્લાના જે વિસ્તારોમાં જ્યાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાનાર તે વિસ્તારોમાં નીચેની બાબતો અંગે પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું લલિત નારાયણ સિંઘ સાંદુ, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ સાબરકાંઠા જિલ્લામાં યોજાનાર વિસ્તારોમાં નીચે મુજબની પ્રવૃતિઓ પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

- ચૂંટણી પ્રચારનો સમયગાળો પૂરો થયા બાદ પછી મતદાર વિભાગમાં ચૂંટણી પ્રચાર થઈ શકે નહીં તે હકીકતને ધ્યાનમાં લેતા રાજકીય પદાધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વિગેરે કે જેઓએ મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય તેઓએ ચૂંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહેવા પર પ્રતિબંધ ફરમાવું છું.

- લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૨૬ની જોગવાઈઓનું રાજકીય પદાધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વિગેરેએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ જોગવાઈનો ભંગ કરનાર સામે ઉક્ત જોગવાઈઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

- લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૨૩(૫)ની જોગવાઈઓનું ઉમેદવાર તેના એજન્ટ કે કાર્યકર/કાર્યકરોએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ જોગવાઈનો ભંગ કરનાર સામે ઉક્ત જોગવાઈઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ સાબરકાંઠા જિલ્લાના જે વિસ્તારમાં ચૂંટણી થનાર છે તે હદ વિસ્તારમાં લાગુ પડશે. આ હુકમ ચૂંટણી પ્રક્રિયા તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ તથા લાગુ પડતા અન્ય કાયદાઓની જોગવાઈઓ મુજબની સજાને પાત્ર થશે.

આજ રોજ તા.૦૮/૦૪/૨૦૨૬ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિકકા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા, હિંમતનગર

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું જાહેરનામું

(નં.ડીસી/પીઓએલ-૨/ ન.પા.-ટીપીડીપી/જાહેરનામું/વશી/૨૦૨૬/(૧૨)- ગુજરાતના રાજય ચૂંટણી આયોગ દ્વારા" મહાનગરપાલિકા/ નગરપાલિકા(સામાન્ય/પેટા) તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી-૨૦૨૬નો ચૂંટણી કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ સાબરકાંઠા જિલ્લામાં નગરપાલિકાની સામાન્ય/પેટા ચૂંટણી તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર છે. તેમજ જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૭/૦૪/૨૦૨૬ તથા મંતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ હાથ ધરાનાર છે.

ચૂંટણીમાં ઉમેદવારી કરનાર ઉમેદવારો ધ્વારા તેમના પ્રચાર કાર્ય તથા તથા ચૂંટણીલક્ષી કામગીરી માટે હંગામી ધોરણે કચેરીઓ/કાર્યાલય શરૂ કરવામાં આવે છે અને તેમના ધ્વારા સ્થાનિક પ્રચાર તથા ચૂંટણી લક્ષી કામગીરી કરવામાં આવે છે. જેમાં ચૂંટણીના મુક્ત, ન્યાયી અને સરળ સંચાલન માટે તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે મતદાન મથકની નજીક અથવા ધાર્મિક સ્થળો અથવા હોસ્પિટલ/ શૈક્ષણિક સંકુલોની નજીક આવા કાર્યાલયો/કચેરીઓ શરૂ કરવા પ્રતિબંધ ફરમાવવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું લલિત નારાયણ સિંઘ સાંદુ, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છુ.

(૧) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની પ્રવર્તમાન સૂચના મુજબ નક્કી થયેલ આચાર સંહિતાનો તથા સુચનાઓનો અમલ ચુસ્તપણે થાય તે ઉદેશ્યથી કોઈપણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવાર રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા નક્કી કરવામાં આવેલ મતદાન મથકના સ્થળની ૨૦૦ મીટરની અંતર સુધીમાં કોઈપણ મંડપ બાંધવો નહીં અને તે અંતર બાદ એક જ મંડપ બાંધી શકાશે અને તેમાં એક ટેબલ અને બે ખુરશી જ રાખી શકાશે તેમજ તડકા/વરસાદથી રક્ષણ માટે છત્રી અથવા તાડપત્રીનો ટુકડો માથાના ભાગે રાખી શકાશે. પરંતુ મંડપની ફરતે કંતાન કે પછી પછેડી જેવી આડાશ લગાવી શકાશે નહીં

(૨) આવા મંડપ બાંધવા માંગતા ઉમેદવારે જગ્યા અંગે સ્થાનિક સત્તા મંડળની લેખિત પરવાનગી મેળવવી અને સંબધિત ચુંટણી અધિકારીશ્રીને જાણ કરવી જોઈશે.

(૩) મતદારોને જે સ્લીપ આપવામાં આવે તેમા ઉમેદવારનું નામ/ચિન્હ, પ્રતિક અથવા રાજકીય પક્ષનું નામ લખેલું હોવુ જોઈએ નહી.

(૪) મતદાન કરીને આવેલ મતદારને મંડપમાં ભેગા/એકત્ર થવાની છુટ આપવી નહી.

(૫) મંડપમાં મતદાન મથકમાં મતદાનની પ્રક્રિયામાં અડચણ(હરકત) ઉભી ન થાય તેની તકેદારી રાખવી.

મતદાર કોઈ પણ ઉમેદવારના મંડપમાં સ્લીપ લેવા જઈ શકશે તેમ કરતા કોઈ પણ પ્રકારે કોઈ ધ્વારા તેને અટકાવી શકાશે નડી. મંડપમાંના કાર્યકરો સુમેળભર્યા વાતાવરણમાં જ કાર્યવાહી કરી શકશે.

(૬) આવું કાર્યાલય કે કચેરી કોઈ ધાર્મિક સ્થળમાં અથવા ધાર્મિક સ્થળ આવેલ હોય તેવા કેમ્પસ/કંપાઉન્ડમાં કરી શકાશે નહીં.

(૭) આવી કચેરી/ કાર્યાલય શૈક્ષણિક સંસ્થા કે હોસ્પિટલની બાજુમાં કાર્યરત કરી શકાશે નહીં.

આ હુકમ સાબરકાંઠા જિલ્લાના જે વિસ્તારમાં ચૂંટણી થનાર છે તે હદ વિસ્તારમાં લાગુ પડશે. આ હુકમ મતદાનના દિવસે એટલે કે તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ મતદાનની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ તથા લાગુ પડતા અન્ય કાયદાઓની જોગવાઈઓ મુજબની સજા તથા દંડને પાત્ર થશે.

આજ રોજ તા.૦૮/૦૪/૨૦૨૬ના ૪/૨૦૨૬ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા, હિંમતનગર

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.ડીસી/પીઓએલ-૨/ ન.પા.-ટીપીડીપી/જાહેરનામું/વશી/૨૦૨૬/(૧૩) તા.૦૮/૦૪/૨૦૨૬.- ગુજરાતના રાજય ધ્વારા ચૂંટણી આયોગ મહાનગરપાલિકા/નગરપોલિકા(સામાન્ય/પેટા) તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી-૨૦૨૬નો ચૂંટણી કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ સાબરકાંઠા જિલ્લામાં નગરપાલિકાની સામાન્ય/પેટા ચૂંટણી તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૭/૦૪/૨૦૨૬ તથા મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ હાથ ધરાનાર છે.

રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા વિશ્રામ ગૃહ, ડાક બંગલા, સરકારી રહેણાંક વિગેરેના વપરાશ બાબતે નિયંત્રણ રાખવા સૂચના આપેલ છે. જે મુજબ સાબરકાંઠા જિલ્લાના જે વિસ્તારોમાં જ્યાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાનાર તે વિસ્તારોમાં નીચેની બાબતો અંગે પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું લલિત નારાયણ સિંઘ સાંદુ, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ સાબરકાંઠા જિલ્લામાં યોજાનાર વિસ્તારોમાં નીચે મુજબ ફરમાવું છુ

- વિશ્રામ ગૃહ, ડાક બંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તા પક્ષના સભ્યો કે ઉમેદવારો એક હથ્થુ અધિકારો ભોગવશે નહી અને આવા રહેણાંકનો ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેશે.

- કોઈપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (તેની સાથે જોડાયેલ આંગણ-વરંડા સહિત) નો ઉપયોગ પ્રચાર કચેરી કે અન્ય ચુંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહીં. સરકારી વિશ્રામગૃહ, અતિથીગૃહ વિગેરેમાં રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગીક મીટીંગ પણ યોજી શકાશે નહી.

- ચુંટણી પ્રચારમાં આવેલ જે મહાનુભાવોને સરકારી વિશ્રામ ગૃહ-અતિથી ગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભવોને લાવતા-લઈ જતાં વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથીગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે. જો તેઓ આ માટે એક કરતા વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો બે થી વધારે વાહનોને વિશ્રામગૃહ/અતિથીગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે નહી.

- એક જ વ્યકિતને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહી તેમજ ચુંટણી પ્રચાર માટે આવતા કોઈ પણ મહાનુભવો મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/અતિથીગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમનો ઉપયોગ કરી શકશે નહી.

આ હુકમ સાબરકાંઠા જિલ્લાના જે વિસ્તારમાં ચૂંટણી ઘનાર છે તે હદ વિસ્તારમાં લાગુ

આ હુકમ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થથા તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ મહેઠળ તથા લાગુ પડતા અન્ય કાયદાઓની જોગવાઈઓ મુજબની સજાને પાત્ર થશે.

આજ રોજ તા.૦૮/૦૪/૨૦૨૬ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિકકા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા, હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.03 13:15:50 IST